
ગિરિરાજનો વૈભવઃનવટૂંક
શ્રી સિદ્ધાચલ શણગાર આદિનાથાય નમઃ
જયાં નીરખીએ નવટૂંકો, પાતિકનો થાય ભુકકો
આવો વિરાટ છે નવટૂંકનો દર્શન વૈભવ !
ગિરિરાજ ઉપરની દરેક ટૂંક નો કોઇ અનોખો ઈતિહાસ છે.
સાથે અનેરો પ્રભાવ અને આગવો શિલ્પવૈભવ પણ છે.
નવટૂંક ની અંદર રહેલો સોહામણો શિલ્પવારસો અને બિરાજતો બેનમૂન પ્રભુ
પરિવાર આંખોને આંજી દે અને દિલને ઠારી દે છે.
/A Journey to Derasar's of Vadodara
/jainism_
#ChaloNavtunkJaiye


© shunya.net




# ગિરિરાજનો વૈભવઃનવટૂંક

## જયાં નીરખીએ નવટૂંકો, પાતિકનો થાય ભુકકો



## આવો વિરાટ છે નવટૂંકનો દર્શન વૈભવ !

ગિરિરાજ ઉપરની દરેક ટૂંક નો કોઇ અનોખો ઇતિહાસ છે.
સાથે અનેરો પ્રભાવ અને આગવો શિલ્પવૈભવ પણ છે.
નવટૂંક ની અંદર રહેલો સોહામણો શિલ્પવારસો અને બિરાજતો બેનમૂન પ્રભુ પરિવાર આંખોને આંજી દે અને દિલને ઠારી દે છે.




**૧) નરશી કેશવજીની ટૂંકઃ-**
વિશ્વમાં અજાયબી સમાન
સુખડના નેમનાથ ભગવાન




**૨) ખરતરવસહી (સવા-સોમાની ટૂંક):-**
૧૧૫૮ પ્રતિમાજુ અહીં બિરાજમાન છે.
૨૭૦ ફૂટ લાંબી ૧૧૬ ફૂટ પહોળી અને ૯૭ ફૂટ ઊંચી છે.

**૩) છીપાવસહીની ટૂંકઃ-**
લાલ રંગ ના આદિશ્વર પ્રભુ અહીં બિરાજમાન છે.

**૪) સાકરવસહીની ટૂંકઃ-**
મૂળનાયક તરીકે પંચધાતુના
શ્રીચિંતામણી પાર્શ્વનાથ




**પાંચ પાંડવ મંદિરઃ- સહસ્ત્રકુટ**









**૫) ઉજમફોઇની ટૂંકઃ-**
નંદીશ્વર દ્વીપની રચનાનું અદભૂત
ભૂગોળ લઇને બેઠી છે.
ઉજમફોઇની ટૂંક. એકવાર જઇને
જોઇતો જુઓ!




**૬) હેમાભાઇ ની ટૂંકઃ-**
ત્રણ શિખરોથી શોભિત દેરાસર
અમદાવાદના નગરશેઠ શ્રી હેમાભાઇએ
દ્વારા વિ.સં ૧૮૮૨ માં બંધાવવામાં આવી છે.



**અદબદજી દાદાઃ-**
૧૮ ફૂટ ઊંચી અને ૧૪.૫ ફૂટ
પહોળી દાદા આદિનાથની અદભૂત
(અદબદજી દાદા) તરીકે ઓળખાતી
પ્રતિમા જોઇ છે ખરી?




**૭) મોદીની ટૂંકઃ-**
એક જ સરખા દેહ, રૂપ અને નામને ધારણ
કરનારા એક સાથ અનેક શ્રી સહસ્ત્રફણા
પાર્શ્વનાથ ભગવાનને કયાંય જોયા છે?




**૮) બાલાભાઇની ટૂંકઃ-**
મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન
ગિરિરાજ ઉપર સૌથી સફેદ
પાષાણમાંથી નિર્મિત છે.
★ મુંબઇમાં પ્રસિધ્ધ ગોડીજી દેરાસર
બંધાવનાર ઘોઘાનિવાસી દીપચંદ
ભાઇ દ્વારા પ્રભુપ્રતિષ્ઠા થયેલ છે.
★ ૧૫૦૦ થી અધિક ધાતુના પ્રતિમા
અત્રે બિરાજમાન છે.




**૯) મોતીશાશેઠની ટૂંકઃ-**
"લાવે લાવે મોતીશા શેઠ, ન્હવણ જળ લાવે રે"
★ નલિનીગુલ્મ વિમાન ના આકારે
જિનાલયો અત્રે બિરાજમાન છે.
★ પુંડરિકસ્વામી ના રંગ-મંડપમાં
પોતાના પ્યારાપુત્ર ઋષભને
ખોળામાં લઇને રમાડતી મૈયા
મરૂદેવાની મનોહર
આકૃતિ કયારે ય જોઇ છે ખરી?




**૧૨૪ જિનાલયો..... ૭૩૯ દેરીઓ.....**
**૧૧,૪૭૪ પ્રતિમા..... ૮૪૬૧ પાદુકાઓ.....**

## ચાલો નવટૂંક જઇએ.....!



**નવટૂંક માંથી ન્હાવાની સુવિધા ઉપલબ્ધ છે તથા અહીંથી દાદાની પક્ષાલ-પૂજા તથા કેસરપૂજા ના પાસ મળશે.**

**A JOURNEY GROUP - VADODARA**




Satrunjay Mahatirth



# गिरिवर दर्शन

विरला पावे



## श्री शत्रुंजय महातीर्थ

## ચાલો નવટૂંક જઈએ!

"ચાલો રે ચાલો નવટૂંક જઈને,

દાદાની યાત્રા નવટૂંક જઈને".

આવો વિરાટ છે નવટૂંકનો દર્શન વૈભવ!

124 જિનાલયો ......

11,474 પ્રતિમાજી ......

739 દેરીઓ ......

8461 પાદુકાઓ ......

- ગિરિરાજ ઉપરની દરેક ટૂંકનો કોઈ અનોખો ઈતિહાસ છે સાથે અનેરો પ્રભાવ અને આગવો શિલ્પવૈભવ છે. નવટૂંકની અંદર રહેલો સોહામણો શિલ્પવારસો અને જિનરાજનો બેનમૂન પ્રભુ પરિવાર આંખોને આંજી દે અને દિલને ઠારી દે છે.

- ગિરિરાજ ઉપરની દરેક ટૂંક પાસે તેના ઊંડા પાયા કરતા પણ વધુ ઊંડો અને તેના ઊંચા શિખરો કરતાં પણ ઊંચેરો ઈતિહાસ છે.

• ગિરિરાજ પ્રત્યે ખરી ભક્તિ ધરાવતા સમજદાર ભક્તોએ એવી યાત્રાપ્રથા શરૂ કરવા જેવી છે કે ચડવાનો રસ્તો દાદાની ટૂંક તરફનો ભલે રહે પરંતુ ઉતરવાનો રસ્તો તો નવટૂંક થઈને જ! આમ કરવાથી વિશેષ શ્રમ કે સમય લાગે એવું પણ નથી. ભલે કદાચ દરેક ટૂંકના દરેક જિનાલયે દર્શન ન થઈ શકે પરંતુ એ રસ્તે અવરજવર વધે એ પણ એક પ્રકારનું વિજિભન્સાનું કામ કરશે. પરિણામે ત્યાંના સ્ફુરતા જાગતા વાતાવરણમાં સનાતનતા, સજાગતા અને ચોક્કસાઈ પણ વધશે. ઉપાસનામાં નિમિત્ત બનવું એ જેમ ભક્તિ છે તેમ આશાતનાના નિવારણમાં નિમિત્ત બનવું એ અપેક્ષાએ બહુ ઊંચી ભક્તિ છે.

• તીર્થસ્થાનોના પ્રભાવનું રહસ્ય તેના ઈતિહાસમાં છુપાયેલું હોય છે. તીર્થસ્થળોના ઈતિહાસની જાણકારી તે સ્થળે વિશેષ આસ્થા, આગમન, આકર્ષણ અને અહોભાવનું નિમિત્ત બને છે.

• ગિરિરાજની યાત્રા જેમ પાંચ ચૈત્યવંદન વગર અધુરી ગણાય તેથી બધા પાંચ ચૈત્યવંદન કરે છે. યાત્રિકો એવું નક્કી કરે કે નવટૂંકમાંથી કોઈ પણ એકમ ટૂંકમાં વધારાનું

એક માત્ર ચૈત્યવંદન કરવાનું. તેનાથી મુખ્ય દેરાસરોમાં માત્ર દર્શન કરાય અને તે અવરજવરનો માર્ગ બને! આટલું માત્ર શક્ય બને તો પણ બહું જીવતું જાગતું લાગે!

- સાચવણનો ધર્મ સર્જનના ધર્મથી ય ઊંચો છે.
- પગલે પગલે દર્શનીય સુકૃત આલંબનોનો ઢગલો દરબાર એટલે સિદ્ધાચલ! આ ગિરિરાજ ઉપર સડસડાટ ચઢી જવાથી કે ઊતરી જવાથી કેટલીય દેરીઓને, પગલાંઓને જુહારવાનું બાકી રહી જાય છે તેમાં વિશેષ તો નવટૂંક તરફ પુણ્યશાળીઓના પગલાં જ પડતાં નથી.
- આજ સુધી કરેલી યાત્રાઓનો કયાસ તથા તેની સંખ્યા સાથે ગિરિરાજની માહિતીનો કયાસ કાઢતા નવટૂંકની સમજણ તથા તેનું મહત્વ તમે ચૂકી ગયા છો તેવું જણાશે.
- શ્રી શત્રુંજય તીર્થાધિરાજ ઉપર ગમન કરવાનું એકગણું ફળ મળે છે. પ્રતિમા ભરાવવાનું એકસો ગણું ફળ મળે છે. જિનમંદિરના નિર્માણનું એક હજારગણું ફળ મળે છે અને તેના પાલન (સંરક્ષણ અને જાળવણીમાં) તો અનંતગણું પુણ્ય મળે છે.

[શત્રુંજય માહાત્મ્ય: ગાથા 14]

# " ચાલો નવટૂંક જઈએ "

**ઘણાં જિનાલયો, અનેક દેરીઓ,**
**હજારો પ્રતિમાજી તથા પાદુકાઓ**

**આવો વિરાટ છે નવટૂંકનો દર્શન વૈભવ !**

ગિરિરાજ ઉપરની દરેક ટૂંકનો કોઈ અનોખો ઈતિહાસ છે. સાથે અનેરો પ્રભાવ અને આગવો શિલ્પ વૈભવ... માટે પધારો નવટૂંકના અલભ્ય જિનબિંબો - જિનાલયોના દર્શનાર્થે...

- નવટૂંકમાં સ્નાનગૃહ (નાહવા માટેની વ્યવસ્થા) તેમજ લોકરની વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે.
- નવટૂંકમાં કેસર-સુખડ, થાળી-વાટકી, પૂજાની જોડ ઉપલબ્ધ.
- મોટી ટૂંકના પ્રક્ષાલ-પૂજાના પાસ નવટૂંકમાં પણ મળશે.
- નવટૂંકમાં પીવાના પાણી તથા ઉકાળેલા પાણીની વ્યવસ્થા પણ ઉપલબ્ધ.
- આપનાં બુટ-ચંપલ મોટી ટૂંક તરફ પહોંચતા કરવાની વ્યવસ્થા.

- **ખાસ વિશેષ :**

નવટૂંકમાં સ્નાન કરીને પૂજાનો લાભ લેનાર યાત્રિકોને ત્યાંથી જ મોટીટૂંકનાં મૂળનાયક આદિશ્વર દાદાનાં પ્રક્ષાલ તેમજ પૂજાનાં પાસ પણ આપવાની વ્યવસ્થા શરૂ કરેલ છે. જેથી કરીને નવટૂંક જુહારીને જનાર યાત્રિકો દાદાની પ્રક્ષાલ કે પૂજાનાં લાભથી વંચિત ન રહી જાય.

## માટે ખાસ પધારો... નવટૂંક થઈને મોટીટૂંક...

**શેઠ આણંદજી કલ્યાણજી - પાલીતાણા**
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ)

# શેઠ આણંદજી કલ્યાણજી - પાલીતાણા/અમદાવાદ

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ)

શ્રેષ્ઠી લાલભાઇ દલપતભાઇ ભવન, ૨૫ વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭




ગિરિરાજ પર પૂજા કરવાથી ૧ ગણું ફળ... પ્રતિમા ભરાવવાથી ૧૦૦ ગણું ફળ... જિનમંદિરનું નિર્માણ કરવાથી ૧૦૦૦ ગણું ફળ... જ્યારે પાલન અને સંરક્ષણ કરવાથી અનંત ગણું પૂણ્ય પ્રાપ્ત થાય છે.

## યુવાનો માટે શાશ્વતા તીર્થની સેવાનો અમુલ્ય અવસર

ભારતભરમાંથી સારી સંખ્યામાં યુવાનો જોડાયેલ છે, આપની માટે પણ તીર્થરક્ષાનાં લાભ માટેનો આ અમુલ્ય અવસર... અહીં આપની પેઢીમાંથી અથવા નીચેના સંપર્ક પરથી ફોર્મ લઈને ઉપરનાં સરનામે મોકલી આપશોજી. વિશેષ માહિતી માટે સંપર્ક કરશોજી.

- વર્ષમાં ફક્ત ૩ દિવસ તીર્થાધિરાજની સેવા માટે પધારવાનું આમંત્રણ
- ૧૮ થી ૫૦ વર્ષની વય મર્યાદા અને ત્રણ દિવસ યાત્રા કરવાની ક્ષમતા ધરાવતા યુવાનોને આવકાર. તેમજ સ્વયંસેવક દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.
- પેઢી દ્વારા રહેવા તથા જમવાની સંપૂર્ણ વ્યવસ્થા.
- જો આપ ગિરિરાજની સેવા માટે તત્પર હો તો આપ અથવા આપનું ગ્રુપ બનાવીને પણ ફોર્મ મોકલી શકો છો.

**www.tirthseva.com** વેબસાઇટ માંથી પણ રજીસ્ટ્રેશન ફોર્મ ડાઉનલોડ કરી શકો છો.

ગિરિરાજ સેવા હેલ્પલાઈન : 07405630630

ફોર્મ નીચેના એડ્રેસ પર પણ મોકલી શકો છો.

પ્રાર્થના જૈન યુવક મંડળ, ગીતાંજલી કોમ્પલેક્ષ, મ્યુ. કોર્પોરેશન પાસે, ગેલેક્ષી રોડ, ભાવનગર. ફો. (0278) 2512626

શ્રી દિલીપભાઇ પંચાલ
૦૯૪૨૮૦ ૦૦૬૦૩

: સ્થાનિક સંપર્ક :

માહિતી માટે :
શ્રી ચેતનભાઈ મહેતા
મો. ૮૭૩૪ ૦૭ ૦૪ ૦૪

• ગરવા ગિરિરાજ ઉપર- કુલ ભગવાન કેટલા?

| ક્રમ | ટુંકનું નામ | કુલ ભગવાન | નવપદજી | ગુરૂમૂર્તિ | પગલાં |
|---|---|---|---|---|---|
| 1 | દાદાની ટૂંક (મોટી ટૂંક) | 5767 | 64 | 16 | 496 + 1452 ગણધરના પગલાં |
| 2 | મોતીશા શેઠની ટુંક | 3225 | 16 | 1 | 1 + 1452. ગણધરના પગલાં |
| 3 | બાલાભાઈ ટુંક | 1754 | 49 | - | 1 |
| 4 | શ્રી મોદીની ટુંક | 559 | - | - | 12 + 1452 ગણધરના પગલા |
| 5 | શેઠ હેમાભાઈની ટુંક | 337 | - | - | 3 પગલાં |
| 6 | ઉજમબાઈની ટુંક | 272 | - | - | - |
| 7 | સાકરશાહની ટુંક (પાંચ પાંડવ-મંદિર સહિત-ખરતર વસી) | 187 | - | - | 10 પગલાં |
| 8 | છીપાવસહીની ટુંક- | 21 | - | - | - |
| | બહારના નાના દેરાસરો | 45 | - | - | 2 પગલાં |
| 9 | ચૌમુખજીની ટુંક | 1158 | 4 | 5 | 328 + 1452 |

ગણધરના પગલા તથા થાવચ્ચાપુત્ર 1000 શિષ્યોના તથા ભગવાન નેમનાથ સાથે દીક્ષા લેનાર 1000 મહાત્માના પગલાં. શેલકાચાર્ય સાથે મોક્ષ પામનાર 500 મહાત્માના પગલાં.

પર્વત ઉપર:- 14907 ભગવાન + 133 નવપદજી + 37 ગુરૂમૂર્તિ + 845 પગલા ચાર-~~ર~~-પાનાં ચૌદસો બાવન ગણધર પગલા.

| • નવટૂંકના મૂળનાયક | ટૂંકો બનાવી |
| --- | --- |
| 1. શ્રી અભિનંદન સ્વામી | નરશી-કેશવજીએ |
| 2. આદિનાથ સ્વામી | છીપાવસી |
| 3. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ | સાકરચંદ-પ્રેમચંદ |
| 4. શ્રી નંદીશ્વર દ્વીપ | શેઠાણી ઉજમફોઈ |
| 5. શ્રી અજિતનાથ ભગવાન | હેમાભાઈ શેઠ |
| 6 શ્રી આદિશ્વર ભગવાન | પ્રેમચંદ મોદી |
| 7. શ્રી આદિશ્વર ભગવાન | મોતીશા શેઠ |
| 8. શ્રી આદિશ્વર ભગવાન | કર્મશાએ |
| 9. શ્રી આદિશ્વર ભગવાન | બાલાભાઈ |





૯૧. નવટૂંકમાં પ્રવેશ કરવાનો દરવાજો.
91. Gate for Entrance in Nav-Toonk.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## ગિરિરાજનો વૈભવ: નવટૂંક.

"જયાં નીરખીએ નવટૂંકો, પાતિકનો થાય ભુક્કો."

• નવટૂંક તરફ જતાં પગથીયા જયાં પૂર્ણ થયા ત્યાં કિલ્લામાં પ્રવેશ કરવાનો દરવાજો આવ્યો. આ કિલ્લામાં ધર્મનગરી છે. ઠેરઠેર જિનાલયો પથરાયેલા છે. ટૂંકની સંખ્યા ભલે નવ; પણ દેરાસરો, દેરીઓ, પ્રતિમાઓની સંખ્યા તો ઘણી મોટી! એક એક શિલ્પ જાણે કે મૂર્તિમંત શ્રદ્ધાનું પ્રતિક! પરમાત્મા પ્રત્યેના સમર્પણભાવ અને અહોભાવનું પ્રતિબિંબ! અનેકોને ભાવવૃદ્ધિમાં તરબોળ કરતું આલંબન!

→ નવટૂંકના દરવાજામાં ડાબી તરફ પ્રવેશતા અંગારશા પીરની દરગાહ આવે છે જે તીર્થની રક્ષા કરતાં હોવાથી અહીં સંઘપતિ ચાદર ઓઢાડીને પછી આગળ યાત્રા કરે છે.

1) નરશી કેશવજીની ટૂંક:- આ ટૂંકની પ્રતિષ્ઠા સંવત 1921માં થઈ હતી. મૂળનાયક પ્રભુ શ્રી અભિનંદન સ્વામી બિરાજે છે. ભમતીની મનોહારી રચના આંખોને ઠારે છે. શ્રી અભિનંદન સ્વામીના આ મંદિરમાં યક્ષ અને યક્ષિણીઓની મૂર્તિઓ સુંદર છે તથા ઉપરના ભાગમાં ત્રણ ચૌમુખજી બિરાજે છે. આજુ બાજુ ભમતીમાં મળીને કુલ 34 દેરીઓ આવેલી છે. ટૂંકમાં પ્રવેશતાં જ જમણી બાજુની 2nd નંબરની દેરીમાં ગિરનારમાં આવેલી સમાન સ્વરૂપના નેમનાથ ભગવાન બિરાજમાન છે.


Mool Nayak Shri
bhinandan Swami Bhagavan
શેઠ નરશી કેશવજીની ટૂંક
નરશી કેશવજીની ટૂંક:-
વિશ્વમાં અજાયબી સમાન
સુખડના નેમનાથ ભગવાન
#ChaloNavtunkJaiye


નરશી કેશવજીની ટૂંક:-
વિશ્વમાં અજાયબી સમાન
સુખડના નેમનાથ ભગવાન
#ChaloNavtunkJaiye



૯૦. શેઠ નરશી કેશવજીનું દેરાસર.
90. The Temple of Sheth Narshi Keshawaji.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



૮૯. શેઠ નરશી કેશવજીના દેરાસરનો એક ભાગ.
89. One part of Sheth Narshi Keshawaji Temple.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



→ અચલગચ્છાધિપતિ શ્રી યુગપ્રધાન દાદા શ્રી ૨૦૮ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી ની પ્રતિમા અહીં બિરાજમાન છે.

→ નરશી કેશવજીની ટૂંક અને ચૌમુખજીની ટૂંકને જોડતી રચનાને "ખરતરવસહી" કહેવામાં આવે છે.

★ ખરતરવસહીની રચના:- નરશી કેશવજીની ટૂંકમાંથી બહાર નીકળતાં સંપ્રતિ મહારાજા દ્વારા બનાવેલ જિનાલયોમાં શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર ઘણું જ પ્રાચીન છે.

• બીજું નાનકડું મરૂદેવી માતાનું મંદિર છે તે પણ ઘણું જુનું છે.

• આ સિવાય ખરતરવસહીમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું દેરાસર શેઠ શ્રી નરશી કેશવજીએ બંધાવેલું છે. આ દેરાસરમાં શેઠ અને શેઠાણીની મૂર્તિ છે.

• શ્રી ધર્મનાથ ભગવાનનું દેરાસર શેઠ દેવશી પુનશી સામંતે બંધાવેલું છે. આ દેરાસરમાં ઉપરના ભાગમાં ચોવીસ તીર્થંકરોની મૂર્તિ છે. અને મધ્યમાં ચૌમુખજી પ્રભુ બિરાજે છે. આ સિવાય પણ ભગવાન :- શ્રી કુંથુનાથ, શ્રી અજીતનાથ, શ્રી ચંદ્રપ્રભસ્વામી વગેરેના મંદિરો આવેલા છે. સંવત 1893માં મુર્શિદાબાદવાળા બાબુ હરખચંદજી ગુલેચ્છા એ શ્રી સુમતિનાથ ભગવાનનું મંદિર છે.

• 1) શ્રી શાંતિનાથ પ્રભુ — 4) શ્રી ધર્મનાથ પ્રભુ
2) શ્રી મરૂદેવા માતા — 5) શ્રી કુંથુનાથ સ્વામી
3) શ્રી ચંદ્રપ્રભ સ્વામી — 6) શ્રી અજિતનાથ પ્રભુ



૮૭. સંપ્રતિ મહારાજાનું દેરાસર.
87. Temple of Samprati Maharaj.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



૮૮. સંપ્રતિ મહારાજાના દેરાસરના ગભારાની બારશાખ.
88. Interior door of Samprati Maharaj's Temple.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org





૮૬. શેઠ નરશી નાથાનું દેરાસર.
86. The Temple of Narshi Natha.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

7) શ્રી ચંદ્રપ્રભસ્વામી

8) શ્રી આદિશ્વર પ્રભુ

9) શ્રી ચૌમુખજી     11) શ્રી સંભવનાથ

10) શ્રી સુમતિનાથ     12) શ્રી આદિશ્વર પ્રભુ એમ

કુલ 12 જિનમંદિરો ખરતરવસહીમાં આવેલા છે.

2) ચૌમુખજીની ટૂંક (સવા-સોમાની ટૂંક):-

• આ ટૂંકમાં ચૌમુખજી (ચાર) આદીશ્વર ભગવાન હોવાથી ચૌમુખજીની ટૂંક તરીકે ઓળખાય છે. 270 ફૂટ લાંબી, 116 ફૂટ પહોળી અને 97 ફૂટ ઊંચી છે. ચારેબાજુ 25-25 માઈલના ઘેરાવામાંથી આ ટૂંકનું ઊંચું શિખર દેખાય છે. આ ટૂંક સવચંદ અને સોમચંદ નામના બે શેઠીયાઓએ બનાવી હોવાથી સવા-સોમાની ટૂંક તરીકે ઓળખાય છે.

→ સૌરાષ્ટ્રના વંથલી ગામમાં, દીન-દુઃખીયાના બેલી અને ધર્મવીર એવા સવચંદશેઠ, પરદેશના વહાણ પાછા ન આવતા આર્થિક મુશ્કેલીમાં ફસાયા. થાપણદારો થાપણની ઉઘરાણી કરવા લાગ્યા. શેઠે જે હતું તે ચુકવ્યું. બાકી રહેલા એક શેઠે પોતાના લાખ રૂપિયાની તાત્કાલિક ચુકવણી કરવાની પઠાણી ઉઘરાણી કરી. હવે કાંઈ હતું નહીં. ઈજ્જતનો સવાલ હતો. ના પણ કેમ પડાય?

→ ઘણો વિચાર કરીને, શેઠે અમદાવાદના ધનાસુતારની પોળના સોમચંદ શેઠ ઉપર અમુલખી આંખે હુંડી લખી આપી.

→ સોમચંદ શેઠ પાસે હુંડી આવી. તેમના ચોપડામાં સવચંદ શેઠનું કોઈ ખાતું જ ન હતું. હુંડીને બારીકાઈથી જોતાં, શેઠની નજરે, હુંડી લખતી વખતે પડેલા બે આંસુથી ઉપસી આવેલો ભાગ દેખાયો. શેઠ સમજી ગયા કે સંકટમાં આવેલા આ શેઠે ઈજ્જત બચાવવા મારા ભરોસે આ હુંડી લખી આપી હોવી જોઈએ. પળનોય વિલંબ કર્યા વિના શેઠે લાખ રૂપિયા હુંડી લાવનારને આપી દીધા.

→ સમય જતાં વહાણો પરદેશથી પાછા ફર્યા. સવચંદ શેઠ વ્યાજ સાથે લાખ રૂપિયાની મૂડી લઈને અમદાવાદ સોમચંદ શેઠને ત્યાં પહોંચ્યા. પૂજા કરી લીધા પછી શેઠના ચરણે રકમ પરત કરવા ગયા ત્યારે સોમચંદ શેઠે હસીને ના પાડતાં કહી દીધું કે, "અમારા ચોપડે તમારા ખાતું બોલતું જ નથી. પછી શી રીતે લઉં?"

→ સવચંદ શેઠે કહ્યું કે "પણ તમે મારી ઈજ્જત સંકટના સમયે સાચવી લઈને મને સહાય કરી છે. તમારો ઉપકાર કદી ભૂલાય એમ નથી. તમારી આ રકમ તમારે સ્વીકારવી જ જોઈએ."

→ સોમચંદ શેઠ રસનામસ ન થયા. અંતે આ ઝઘડાનો તોડ એ નીકળ્યો કે આ રકમમાં બંને શેઠિયાઓએ બીજી રકમ ઉમેરીને શ્રી શત્રુંજય તીર્થાધિરાજ ઉપર એક ટૂંકનું નિર્માણ કર્યું.

→ થોડાક સમયમાં જ આ ચૌમુખજીની ટૂંક નિર્માણ પામી. વિ.સં 1675માં પરમાત્માની પ્રતિષ્ઠા કરી. ત્યારથી આ ટૂંક ચૌમુખજીની ટૂંક કે સવાસોમાની ટૂંક તરીકે ઓળખાય છે.

→ આ મંદિરમાં તે સમયે લગભગ 58 લાખ રૂપિયાનો ખર્ચ થયેલ. 84000 રૂપિયાના તો માત્ર દોરડા વાપરેલા. આ ટૂંકમાં મોટા 11 દેરાસરો છે. તેમાં 412 જિનપ્રતિમા છે. જુદી જુદી 74 દેરીઓ છે. જેમાં 291 જિનપ્રતિમા છે. કુલ 702 ભગવાન છે.

• કલા-કોતરણીની દ્રષ્ટિએ પણ મનોહર લાગતી આ ટૂંકમાં 62 × 57 ફૂટનો ભવ્ય પ્રાસાદ છે. તેનું શિખર 97 ફૂટ ઊંચું છે. ઉપર ચૌમુખજી બિરાજે છે જ્યાંથી શેત્રુંજી નદી, હસ્તગિરિ તથા કદંબગિરિ તીર્થ મનમૂકીને નિહાળી શકાય છે.

• મંદિરની ફરસમાં લીલા-પીળા અને ભૂરા રંગના સુંદર આરસના કટકાઓ જડેલા છે. ગભારામાં 2 ફૂટ ઊંચા અને 12 ફૂટ લાંબા ને પહોળા સફેદ આરસના પબાસણ પર 10 ફૂટ ઊંચી આદિનાથ દાદાની ચાર મંગલકારી મૂર્તિઓ સોહે છે.

• મંદિરના રંગામંડપમાં 12 સ્તંભો ઉપર 24 દેવીઓના મનોહર મંગલકારી ચિત્રો છે. દેવીઓને વાહન સહીત કલામય રીતે કોતરવામાં આવેલ છે. ગભારાની પાસે રહેલ એક ગોખલામાં પદમાવતી દેવીની નાનકડી પણ મનોહર મૂર્તિ બિરાજમાન છે.

• આ ટૂંકમાં આવેલ દેરાસરજીઓમાં શ્રી આદિનાથ પ્રભુ અને પુંડરિક સ્વામીનું દેરાસર શેઠ શ્રી સવા-સોમાના નામથી બંધાવી સંવત 1695માં પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

• શ્રી શાંતિનાથ પ્રભુનું મંદિર શેઠ સુંદરદાસ રતનજીએ બંધાવેલ છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મંદિર અમદાવાદવાળા કરમચંદ હીરાચંદ દ્વારા સં. 1784માં બંધાવેલ હતું. આ ટૂંકમાં આવેલું શ્રી મરૂદેવી માતાનું મંદિર ઘણું જ જુનું છે.

• સવા-સોમાની ટૂંકના દેરાસરો :-

1. શ્રી આદિનાથ પ્રભુ
2. શ્રી પુંડરિક સ્વામી
3. શ્રી શાંતિનાથ પ્રભુ
4. શ્રી શાંતિનાથ પ્રભુનું બીજું મંદિર
5. શ્રી પાર્શ્વનાથ પ્રભુ
6. શ્રી સીમંધર સ્વામી
7. શ્રી અજિતનાથ પ્રભુ
8. શ્રી આદિનાથ પ્રભુનું બીજું મંદિર




**સવા-સોમાની ટૂંક):-**

**૧૧૫૮ પ્રતિમાજુ અહી બિરાજમાન છે.**

**૨૭૦ ફૂટ લાંબી ૧૧૬ ફૂટ પહોળી અને ૯૭ ફૂટ ઊંચી છે.**

#ChaloNavtunkJaiye


Satrunjay Palitana


Satrunjay Palitana


Satrunjay Palitana



૮૨. ચૌમુખજીનું શિખર.
82. Dome of Temple of Chaumukhji.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



૮૪. ચૌમુખજી ભગવાન (જૈન જર્નલના સૌજન્યથી).
84. Idol of Chaumukhji.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



૮૧. સદાસોમ (ચૌમુખજી)ના દેરાસરનો એક ભાગ. (જૈન જર્નલના સૌજન્યથી)
81. A Portion of Temple of Sadasom (Chaumukhji).

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



૮૩. ચૌમુખજીના મંદિરની બહારની કોતરણી.
83. External carvings, of Temple of Chaumukhji.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



૮૫. ખરતર વસહીના રંગમંડપના કોરણીદાર સ્તંભો (શે. આ. ક. ના સૌજન્યથી).
85. Scene of Pillars. Karatarvasahi (Rangmandap).

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

9. શ્રી શાંતિનાથ પ્રભુનું ત્રીજું મંદિર

10. શ્રી પાર્શ્વનાથ પ્રભુ

11. રાયણ પગલા અને ગણધર પગલા એમ કુલ 11 મંદિરો આવેલા છે.

★ પાંચ પાંડવ:- જિનાલયની પાછળ બારીમાંથી બહાર જઈએ ત્યારે ત્યાં પેથડ મંત્રીએ બંધાવેલ પાંડવોનું દેરાસર છે. પાંડવોના આ મંદિરમાં એક ગોખલામાં કુંતામાતાની મૂર્તિ છે તથા બીજા ગોખલામાં દ્રૌપદી બિરાજમાન છે.

★ સહસ્ત્રકૂટ જિનાલય:- પાંડવોના દેરાસરની પાછળ સહસ્ત્રકૂટ જિનાલય છે. જ્યાં 1024 જિનબિંબો રહેલા છે. તથા 170 પરમાત્માના પટ પણ અહીં બિરાજમાન છે. તથા ભીંતને અડકીને આરસમાં પુરૂષાકારે ચૌદ રાજલોકનું ચિત્ર બનાવેલ છે તથા બીજુ બાજુ સમવસરણ અને સિદ્ધચક્રની રચના છે.

→ ગિરિરાજ ઉપર બિરાજમાન સૌથી પ્રાચીન ટૂંક છે.

3) છીપાવસહીની ટૂંક:- આ નાની ટૂંક ભાવસાર ભાઈઓએ વિ.સં. [redacted] માં બંધાવી છે. મૂળનાયક આદીશ્વર ભગવાન છે. ભાવસાર ભાઈઓ રંગારા હોવાથી મૂળનાયકને પણ રંગ ચડાવેલ છે. છ નાની દેરી અને 14 મોટી દેરીના મળીને કુલ 48 ભગવાન છે. ગઢને અડીને રહેલા દેરાસરમાં શ્રેયાંસનાથ ભગવાન બિરાજમાન છે. નાનકડી આ ટૂંકમાં ગભારાની કોતરણી-રચના કલાની દ્રષ્ટિએ જોવાલાયક છે.




#ChaloNavTunkJaiye





૧૨૦ ઉત્કૃષ્ટકાલે એકસોસિત્તેર જિન, સમવસરણ, ચૌદરાજલોક (સા. મ. નવાબના સૌજન્યથી)
120 One hundred Seventy Jin, Samavasaran, Fourteen Rajlok (By. S. M. Navab)

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org






૩) છીપાવસહીની ટૂંકઃ-

લાલ રંગ ના આદિશ્વર પ્રભુ અહી બિરાજમાન છે.







Shri Ajitnaath B. Shri Shantinaath B.

'Namo Jiṇāṇam'

The two small shrines of 'Ajit-shanti Stav' between Sakarvasahi toonk and Chhipavasahi toonk.

#ChaloNavtunkJaiye






૭૩. છીપા વસહીનું દેરાસર. (શે. આ. ક. ના સૌજન્યથી)
73. Temple of Chhipa Vasahi.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

• આ ભાવસાર ભાઈઓનો છીપાઓનો ધંધો હતો તેથી તેનું નામ છીપાવસહી પાડવામાં

→ પુનઃપ્રતિષ્ઠા ઈ.સ. 1791 માં કરાવવામાં આવી હતી.

આવ્યું છે.

☆ અજિત-શાંતિની દેરી :- બહારના ઢોળાવ ઉપર શ્રી અજિતનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનની પાસે પાસે દેરી છે. સાંભળવા પ્રમાણે પૂર્વે આ બંને દેરીઓ સામેસામે હતી. પૂ. નંદીષેણસૂરિ મહારાજે અહીં અજિતશાંતિ સ્તવની રચના કરી હતી, તેના પ્રભાવે આ બંને દેરી જોડે-જોડે થઈ ગઈ. જેથી કોઈને એક ભગવાનના દર્શન કરતાં બીજા ભગવાનને પૂંઠ ન પડે. (કેટલાક આ હકીકત છ ગાઉની યાત્રાના સ્થળે બની છે, તેમ માને છે.)

4) સાકરવસહી :- અમદાવાદના શેઠ શ્રી સાકરચંદ-પ્રેમચંદે વિ.સં. 1983 માં આ ટૂંક બંધાવી છે. મૂળ-નાયક તરીકે પંચધાતુના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ અહીં બિરાજમાન છે. આ મૂર્તિ ખૂબજ મનોહર છે. મૂળનાયક પ્રતિમાજીની બાજુએ સ્ફટિક રત્નના સાથિયા છે.

• પદ્મપ્રભુ સ્વામીનું અહીં મંદિર છે. શેઠ લલ્લુભાઈ જમનાદાસે સંવત 1893માં એક દેરાસર બંધાવ્યું હતું અને બીજું મંદિર શેઠ મગનલાલ કરમચંદે એજ વર્ષમાં બંધાવ્યું હતું.




#ChaloNavtunkJaiye



• આ દેરાસરમાં ચંદ્રપ્રભસ્વામી બિરાજમાન છે. તથા આ ટૂંકમાં પાંચ પાંડવોનું મંદિર પણ છે. સાકરચંદ શેઠે બંધાવેલ હોવાથી તેનું નામ સાકરવસહી પડ્યું. અને 14 રાજલોકનો પટ આવેલ છે.
→ 1024 ભગવાન, 2 ઉત્કૃષ્ટ 170 ભગવાનનો પટ

5) ઉજમફોઈની ટૂંક:- એક સમયે અમદાવાદમાં પ્રેમાભાઈ નામના નગરશેઠ હતા. તેમના બેનનું નામ હતું ઉજમબેન. નગરશેઠના બેન હોવાના કારણે આખું નગર એમને ઉજમફોઈ તરીકે જ ઓળખતું હતું.

• ઉજમફોઈના લગ્ન સમયે તેમના ભાઈ, બહેનને દાયજામાં આપવા 500 ગાડા ભરીને કરીયાવર લઈ આવ્યા હતા.

• બહેનને બધો કરીયાવર બતાડયો, પણ બહેનને આનંદ ન થયો. ભાઈએ પૂછ્યું." કેમ બહેન! તને સંતોષ ન થયો? કાંઈ વાંધો નહિ. હજુ પણ તારી જે ઈચ્છા હોય તે કહે. તે પણ ઉમેરી દઈશ."

• ઉજમફોઈ બોલ્યા," આ બધી સામગ્રીઓ તો સંસારવર્ધક છે. મારે તો જોઈએ સંસારતારક ચીજ. અને તે છે શત્રુંજય ગિરિરાજ ઉપર જિનાલય! તું મારો સાચો ભાઈ હોય તો કરીયાવરમાં શત્રુંજય ઉપર જિનાલય બાંધી આપ." ભાઈએ કહ્યું,"ચિંતા ન કરીશ, બહેન! ટૂંક સમયમાં તે પણ થઈ જશે."

• આદીશ્વરે શત્રુંજય ગિરિરાજ ઉપર જિનાલયનું નિર્માણ શરૂ કરાવ્યું. પરમાત્માના પાંચે કલ્યાણકોની ઉજવણી કરીને દેવો જે નંદીશ્વરદ્વીપમાં જાય છે, તે નંદીશ્વરદ્વીપ ઉપર આવેલા બાવન જિનાલયના જેવી રચના શરૂ કરી. ચારે બાજુ પથ્થરમાં જાળીઓ કોતરી છે. મંદિરની વચમાં મુખ્ય દેરી છે. તેની આસપાસ ચારે બાજુ 13-13 નાની દેરીઓ છે. સૌથી વચ્ચે મધ્યમાં મેરુપર્વત બતાડેલ છે, જેની ઉપર પરમાત્મા બિરાજમાન કરેલ છે. વિ.સં. 1883માં નંદીશ્વરદ્વીપની રચનાવાળા આ જિનાલયમાં ઉજમફોઈના હાથે પ્રતિષ્ઠા થઈ.

• આ ટૂંકના ચોકમાં બે-નાની (દેરીઓ) દેરાસરમાં રહેલા કુંથુનાથ અને શાંતિનાથ ભગવાન છે.

• દેરાસરના પરિસરમાં ત્રણ બારીઓ આવેલી છે. તેમાંથી જોતાં સહેજ દૂર દાદાની ટૂંક અને મોતીશાની ટૂંકનો દેખાવ સુંદર લાગે છે.




#ChaloNavtunkJaiye


Satrunjay Palitana


Satrunjay Palitana



૧૨૯ શ્રી નંદીશ્વર દ્વીપની ટૂંકનો આગળનો દેખાવ
129 The Front View of Shree Nandishwardwip Tuk



૧૩૦ શ્રી નંદીશ્વર દ્વીપની રચનાનો એક ભાગ
130 A Section of Shree Nandishwardwip Rachana

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org





૭૪. ઉજમબાઈના મંદિરનો દેખાવ.
74. Sight of Temple of Ujambai.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org




Satrunjay Mahatirth



6) હેમાભાઈની ટૂંક:- અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસ શેઠ જેઓ મોગલસમ્રાટ અકબરના શાસનકાળમાં તેમના ઝવેરી હતા. તેમના પ્રપૌત્ર શ્રી હેમાભાઈ દ્વારા આ ટૂંક વિ.સં. 1882માં બંધાવવામાં આવી તથા શ્રી શાંતિસાગર સૂરીના વરદહસ્તે સં. 1886માં પ્રતિષ્ઠા કરી હતી. તેમાં મૂળનાયક શ્રી

અજિતનાથ પ્રભુ છે. તેમાં બીજા પાંચ મંદિરો આવેલા છે. ભવ્ય શિખરોથી શોભિત આ દેરાસર છે. આ ટૂંકમાં પુંડરિકસ્વામી તથા બીજા બે ચૌમુખજી પણ છે. → ટૂંકમાં 323 પ્રતિમાજી બિરાજમાન છે.

• હેમાભાઈ શેઠ દ્વારા બંધાવેલ હોવાથી આ ટૂંકનું નામ હેમાવસહી પડ્યું.




**૬) હેમાભાઇ ની ટૂંક:-**

ત્રણ શિખરોથી શોભિત દેરાસર
અમદાવાદના નગરશેઠ શ્રી હેમાભાઈએ
દ્વારા વિ.સં ૧૮૮૨ માં બંધાવવામાં આવી છે.

#ChaloNavtunkJaiye




Entrance gate of Shri Hemabhai toonk





7) મોદીની ટૂંક:- અમદાવાદના શ્રીમંત વેપારી પ્રેમચંદ લવજી મોદી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળિત સંઘ લઈને અહીં આવ્યા હતા. અહીંના સાત્વિક વાતાવરણથી મુગ્ધ થયેલા તેમણે ભાવવિભોર બનીને વિ.સં. 1837માં આ ટૂંકનું નિર્માણ કર્યું. મૂળનાયક તરીકે શ્રી આદિશ્વર ભગવાન અહીં બિરાજમાન છે.

• આ મુખ્ય મંદિરમાં ગુંબજમાં બે સુંદર દૃશ્યો છે. પ્રભુવીરને અજબગજબના આડંબર સાથે વંદન કરવા નીકળેલા રાજા દશાર્ણભદ્રની દર્શનયાત્રાનું સોહામણું દૃશ્ય અહીંના ગુંબજની કલાકૃતિમાં છે.

• મહારાજા દશાર્ણભદ્રે પરમાત્મા મહાવીરદેવનું ભવ્ય સામૈયું કર્યું. તેના મનમાં ગર્વ આવ્યો કે આ વિશ્વમાં મારા જેવું ભવ્ય સામૈયું કરનાર છે કોઈ બીજો? તે વખતે તેના મનનો અહંકારભાવ જાણીને ઈન્દ્ર મહારાજાએ અતિભવ્ય સામૈયું કર્યું, જેને જોઈને દશાર્ણભદ્રનો ગર્વ ગળી ગયો.

• ઈન્દ્ર મહારાજના સામૈયાની કેટલીક વિશેષતા
ઈન્દ્ર મહારાજ ના પાસે ઐરાવત હાથી છે.
ઐરાવત હાથીને 8 દાંત હોય છે. તેમાંના 1-1 દાંત
ઉપર 8 કમળ હોય છે. દરેક કમળની 8 પાંખડી
હોય છે. તેમાંની 1-1 પાંખડી પર 32-32 નાટક
ચાલતા હોય છે આવું તો ભવ્યાતિભવ્ય તેમનું
સામૈયું હતું.

• રાજાએ વિચાર્યું કે હવે એવું તો શું કરું કે?
જે દેવ પણ ન કરી શકે. તરત જ તેઓ
પરમાત્માને વિનંતી કરીને સાધુ બની ગયા, જે
દેવ પણ ન કરી શકે તે આ માનવે કરી
બતાવ્યું. ઈન્દ્રે કહ્યું "તમે જીત્યા, હું હાર્યો".
દશાર્ણભદ્રનો ગર્વ પણ સાધુજીવન અપનાવનારો
સુંદર બન્યો.

• અહીં એક ચિત્રમાં દશાર્ણભદ્ર સામૈયું કરે છે, તે
બતાવ્યું છે તો બીજા ચિત્રમાં ઈન્દ્ર દશાર્ણભદ્રનો
ગર્વ ઉતારવા જે ભવ્ય સામૈયું કરે છે તે
બતાવ્યું છે. મૂળનાયકના મંદિરની સામે
પુંડરિકસ્વામીનું મંદિર છે. તથા અહીં 1452
ગણધરના પગલાં છે.

• એક જ સરખા દેહ, રૂપ અને નામને ધારણ
કરનારા એકી સાથે 14 શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ
અહીં બિરાજમાન છે. આ પ્રતિમાજી અરબી
સમુદ્રમાંથી મળી આવ્યા હતા.

• આ જ મંદિરમાં સાસુ-વહુના ગોખલા જોવાલાયક છે. તે દેલવાડાની કોતરણીની યાદ આપે છે. સ્થંભો ઉપર સાપ કરડતો હોય, વીંછી કરડતો હોય અને વાંદરો કરડતો હોય તેવી પૂતળીઓ છે.

• સાંભળવા મળે છે કે, કુટુંબમાં કદી કજીયો ન કરવો તેવો સંદેશ આ પૂતળીઓ આપે છે, વહુએ સાસુ પાસે તીર્થમાં વાપરવા પૈસા માંગ્યા. સાસુએ ગુસ્સો કર્યો. તે વાતમાં પડોશણે પણ સાસુને ચડાવ્યા. પરિણામે ઝઘડો થયો. છેવટે સાસુને રૌદ્રધ્યાન કરવાના કારણે સાસુને પણ સાપ કરડે છે વહુને આર્તધ્યાન કરવાના કારણે વહુને વાંદરો કરડે છે તથા પડોશણને પગમાં વીંછી ડંખ મારે છે.

• આ પૂતળીઓ ઉપદેશ આપે છે કે તીર્થમાં દાન અવશ્ય ખર્ચ કરવું તથા ઘરમાં સંપ રાખવો, નહિતો આ સ્ત્રીઓ જેવી હાલત થશે. કદીપણ કલહ ન કરવાના નિશ્ચય સાથે આગળની યાત્રા કરીએ. આ દેરાસરો સુરતવાળા શેઠ શ્રી રતનચંદ ઝવેરચંદ અને પ્રેમચંદ ઝવેરચંદ દ્વારા બંધાવેલ છે.

• શ્રી અજિતનાથ પ્રભુનું મંદિર પાલનપુરવાળા મોદીએ બંધાવેલ છે તથા બીજા બે ચંદ્રપ્રભસ્વામીના દેરાસરો મહુવાના નીમા શ્રાવકો અને રાધનપુરવાળા શેઠ શ્રી લાલચંદભાઈએ બંધાવેલ છે. આ ટૂંકમાં નીચે એક કુંડ આવેલો છે.








## ૭) મોદીની ટૂંક:-

એક જ સરખા દેહ, રૂપ અને નામને ધારણ કરનારા એક સાથ અનેક શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાનને ક્યાંય જોયા છે?












#ChaloNavtunkJaiye





Mool Nayak Shri Adinaath B....
'Namo Jiṇāṇam'.

# Premabhai Modi's toonk



Shri Sahastrafana Parshvanaath B....
'Namo Jiṇāṇam'



Shri Chandraprabh Swami's temple....
'Namo Jiṇāṇam'



૬૯. સહસ્રફણા શ્રી પાર્શ્વનાથજીનું આરસનું દેરાસર.
69. Marble Temple of Sahastrafana Parswanath.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



૬૭. દેરાણી જેઠાણીનો ગોખલો નં. ૧.
67. Balcony No: 1 of Derani-Jethani.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



૬૮. દેરાણી જેઠાણીનો ગોખલો નં. ૨.
68. Balcony No 2 of Derani-Jethani.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



*Satrunjay Palitana*



૬૬. મોદીની ટૂંકમાં શ્રી ચંદ્રપ્રભુનું દેરાસર.
66. Shree Chandra Prabhu Temple in Modi Toonk.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

• આ પ્રેમાવસહીની ટૂંકમાં મુખ્ય 7 દેરાસરજી છે ઉપરાંત 51 દેરીઓ તથા 1452 ગણધરના પગલા છે.

આ 7 દેરાસરોમાં
1. ઋષભદેવ પ્રભુ
2. પુંડરિકસ્વામી
3-4. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ
5. શ્રી અજિતનાથ ભગવાન
6-7. શ્રી ચંદ્રપ્રભસ્વામી એમ કુલ

7 દેરાસરો છે.

★ અદબદજી દાદા:- નીચે ઉતરતાં બાળકોને અતિશય આનંદ આપતી અદબદજી દાદાના હુલામણા નામે પ્રસિદ્ધ પહાડમાં કોતરેલી અદ્ભુત આદિનાથની મૂર્તિ છે. જે 14½ ફૂટ પહોળી તથા 18 ફૂટ ઊંચી છે આ પ્રતિમાની વિ.સં. 1686 માં ધર્મદાસશેઠ દ્વારા પ્રતિષ્ઠા કરાવી છે.

★ માણેકબાઈની દેરી:- મોદીની ટૂંકમાંથી બહાર નીકળીને અદબદજી દાદા તરફ જતાં રસ્તામાં માણેકબાઈની દેરી માં બિરાજમાન નેમિનાથ ભગવાન તથા દેરીમાં એક બાજુ સહસ્ત્રફણા પાર્શ્વનાથ બિરાજમાન છે.

→ મૂળનાયક ના મુખ્ય મંદિરની પાછળ ગઢના એક ભાગમાંથી જોઈએ તો સામે ભાડવાનો ડુંગર, છગાઉની પ્રદક્ષિણાની કેડી તથા ઘેટીની પાગે જવાનો વળાંક લેતો મનોહર રસ્તો દેખાય છે.



૬૧. માણેકબાઈની દેરી.
61. A Small Temple of Manekbai.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org





Shri Adbadji Dada and the Temple








૬૩. અદબદજીનું દેરાસર
63. The Temple of Shree Adabadji.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org


Satrunjay Palitana



8) બાલાભાઈની ટૂંક :- હાલ મુંબઈમાં જે ગોડીજીનું દેરાસર જે 203 વર્ષ જૂનું છે તેને બંધાવનાર ઘોઘાનિવાસી દીપચંદભાઈ એ આ ટૂંક વિ.સં. 1893 માં બંધાવવામાં આવી હતી. આ ટૂંકમાં મૂળનાયક આદિશ્વર પ્રભુ બિરાજમાન છે.

• આખા ગિરિરાજ ઉપર રહેલ બધા પ્રતિમાઓમાંથી સૌથી શ્વેત પાષાણના પ્રતિમા અત્રે બિરાજમાન છે. પ્રભુજીનું મૂર્તિનું પરિકર ખૂબ જ કલામય છે જેમાં પ્રભુજીને પ્રતિષ્ઠા વખતે લખાયેલ લેખ નથી પરંતુ ત્યાં સ્વસ્તિક છે. તેના માળ ઉપર ચૌમુખી પ્રતિમા બિરાજમાન છે. બીજું પુંડરિકસ્વામીનું મંદિર પણ પોતે બંધાવેલ છે.

• અત્રે 500થી પણ અધિક ધાતુના પ્રતિમાજી અલગ-અલગ આકારમાં, અલગ-અલગ પાષાણથી નિર્મિત તથા અલગ-અલગ વર્ણ, રંગ, દેહના પ્રતિમાજી છે આ પ્રતિમાજી બે જુદી-જુદી જગ્યાએ છે. 1. મોદીની ટૂંક તરફથી આવતા પાછળના ભાગમાંથી પ્રવેશતા ડાબા હાથે
2. જિનાલયના પાછળના ભાગ પર ઉપર એક રૂમમાં. આ રૂમમાં Revolver (બંદૂકના) આકારમાં 24 ભગવાન બિરાજમાન છે.

• ત્રીજું મંદિર ચૌમુખજીનું છે. આ મંદિર મુંબઈવાળા શેઠશ્રી ખુશાલચંદના ધર્મપત્નીની ઉજમબાઈએ સં. 1908માં બંધાવેલ છે.

→ શાસ્ત્રમાં જણાવ્યા મુજબ અંગૂઠાના માપ જેટલી પ્રતિમા ભરાવવાનું વિધાન છે જે અહીં અંગૂઠાના માપ જેટલી પ્રતિમા બિરાજમાન છે.

• વાસુપૂજ્ય સ્વામીનું મંદિર સં. 1916માં કપડવંજના શેઠ મીઠાભાઈ ગુલાબચંદે બંધાવ્યુ છે. શ્રી અજિતનાથ પ્રભુનું મંદિર ઈલોરવાળા માનચંદ વિરચંદે બંધાવેલું છે. તથા શાંતિનાથ ભગવાનનું મંદિર પુનાવાળા શાહ લક્ષ્મીચંદ હીરાચંદે બંધાવ્યું છે. બાલાવસહીની ટૂંકમાં

1. આદિનાથ પ્રભુનું મંદિર
2. શ્રી પુંડરિક સ્વામીનું મંદિર
3. ચૌમુખજીનું મંદિર
4. શ્રી વાસુપૂજ્યસ્વામીનું મંદિર
5. શ્રી શાંતિનાથજીનું મંદિર
6. શ્રી અજિતનાથજીનું મંદિર

• ધાતુના પ્રતિમા અંગે માહિતી:-

નીચે:-
• ધાતુના પ્રતિમા-31
• સિદ્ધચક્ર-17
• પંચતીર્થ ઉપરના પથ્થરના 16 પ્રતિમા
• પથ્થરના 2 કાઉસ્સગીયા
• પથ્થરના 1 કાઉસ્સગીયા (60 પ્રતિમા)
• પથ્થરમાં 7 જોડી પગલા
• ધાતુના પથ્થરમાં 3
• 2 પથ્થરમાં ચૌમુખજીના

ઉપર:-
• ધાતુના ભગવાન-266
• ધાતુના નવપદજી-83
• ધાતુના પગલાં જોડ-1
• આંગીયા-44
• સ્વસ્તિક-3 • બંસી-4.

• દીપચંદભાઈનું હુલામણું નામ બાલાભાઈ હોવાથી આ ટૂંકનું નામ બાલાવસહીની ટૂંક છે.






## ૮) બાલાભાઇની ટૂંકઃ-

મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન ગિરિરાજ ઉપર સૌથી સફેદ પાષાણમાંથી નિર્મિત છે.

★ મુંબઈમાં પ્રસિધ્ધ ગોડીજી દેરાસર બંધાવનાર ઘોઘાનિવાસી દીપચંદ ભાઈ દ્વારા પ્રભુપ્રતિષ્ઠા થયેલ છે.

★ ૫૦૦ થી અધિક ધાતુના પ્રતિમા અત્રે બિરાજમાન છે.#ChaloNavtunkJaiye



Palitana,Gujarat,India







૬૦. બાલાભાઈની ટુંકનો દરવાજો.
60. A Gate of Group of Temples of Balabhai.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

1) મોતીશાશેઠ ની ટૂંક :- "લાવે લાવે મોતીશા શેઠ,
નહવણ જળ લાવે રે"....

• એકવાર મોતીશા શેઠનું વહાણ ચીન તરફ જતું હતું. આ વહાણમાં ગેરકાયદેસર નું અફીણ જઈ રહ્યું હતું, એવો વહેમ પડવાથી સરકારી કારભારીએ વહાણ પાછળ બોટ મુકી.

• આ સમાચાર સાંભળતા મોતીશા શેઠે સંકલ્પ કર્યો કે," જો આ વહાણ બચી જાય તો તેની ઉપજ મારે શત્રુંજય ગિરિરાજ ઉપર વાપરવી."

- ધર્મપસાયે વહાણ બચી ગયા. બાર-તેર લાખની ઉપજ થઈ. શેઠે શત્રુંજયનો સંઘ કાઢયો. ગિરિરાજ ઉપર પધાર્યા.

• સિદ્ધગિરિના દર્શને ભાવવિભોર બન્યા. દેરાસર બાંધવાની ભાવના જાગી. પણ અહીં તો ઠેર ઠેર મંદિરોની હારમાળા પથરાયેલી હતી. ક્યાંક મંદિર બાંધવા માટે સમથળ જગ્યા ખાલી નહોતી. હવે શું કરવું? ત્યાં જ તેમની નજર બે શિખર વચ્ચે રહેલી કુંતાસરની ભયંકર ખીણ ઉપર પડી. વિચાર સ્ફુર્યો." જો આ ભયંકર ખીણ પૂરીને મંદિર બનાવાય તો બે શિખર એક થાય. યાત્રિકોને ફરવું ન પડે. ભયંકર દેખાવ દૂર થાય."

• જોતા જ ચકકર આવી જાય તેવડી મોટી લાંબી અને ઊંડી ખાણ પૂરીને આ ટૂંકનું નિર્માણ કરવામાં આવ્યું છે. બે પહાડો વચ્ચેની ખીણ પૂરવાનું કામ સહેલું ન હતું. છેવટે સાહસિક અને ધર્મની ધગશવાળા શેઠે ખીણ પૂરવાનો વિચાર કર્યો અને લાખોના ખર્ચે પૂરાવી તેના પર ટૂંકનું નિર્માણ કરાવ્યું. 16 મોટા મંદિર તથા 123 દેરીઓથી શોભિત આંખોને ઠારતી ને હૃદયને ઉજ્જવળ બનાવતી આ ટૂંકનો ખર્ચ લાખો અને કરોડોનો હિસાબે થયો હતો. (આજની ગણતરીએ તો આંકડા પણ ના મૂકી શકાયા. આ ટૂંક પાછળ માત્ર 80 હજાર રૂપિયાના તો માત્ર દોરડા વપરાયા. બીજો ખર્ચ કેટલો આવ્યો હશે? કલ્પના મુશ્કેલ છે.

• આ કુંડ બાંધવાની શરૂઆત મોતીશા શેઠે કરી હતી. પણ કુંડ બંધાઈને તૈયાર થતાં પ્રતિષ્ઠા થયેલ ત્યારે તેમનો સ્વર્ગવાસ થયેલ હતો. તેમના પુત્ર ખીમચંદભાઈએ વિ.સં. 1893માં આ કુંડની પ્રતિષ્ઠા કરી હતી. આ મંદિરનો દેખાવ નલિનીગુલ્મ વિમાન ના જેવો છે. આ કુંડમાંથી દર્શન કરતા દાદાની ટૂંકમાં જવાય છે.

• અત્રે પુંડરિકસ્વામીના રંગમંડપમાં જમણી બાજુ પોતાના વ્હાલા પુત્ર ઋષભને ખોળામાં લઈને રમાડતી મૈયા મરુદેવાની મનોહર આકૃતિ અત્રે બિરાજમાન છે.

• આ કુંડમાં 2722 આરસની પ્રતિમાઓ છે તથા 143 ધાતુની પ્રતિમા તથા 1457 પગલાની જોડ છે. અલૌકિકતાને સાકાર કરતી નલિનીગુલ્મ વિમાનના આકાર જેવી આ કુંડમાં રચના કરતા 7 વર્ષ લાગ્યા હતા, 3 હજાર મજૂરોએ રાત-દિવસ કામ કર્યું હતું.

• પરંતુ વિધિની ભવિતવ્યતા કંઈક જુદી જ વાત કરતી હતી. પ્રાણ પ્રતિષ્ઠા પહેલા શેઠ બીમાર પડ્યા અને તેમાંથી તેઓ બચી જ ન શક્યા. સવા લાખ માણસોનો સંઘ લઈને ખીમચંદભાઈ પાલીતાણા પધાર્યા તેમની સાથે તેમના સંઘમાં 52 સંઘપતિ હતાં.

• દાદાની ટૂંક અને મોતીશા શેઠની ટૂંક ની રચના લગભગ સમાન છે.

→ મોતીશા શેઠની ટૂંકમાં મુખ્ય જિનાલયમાં ભીંતે રત્નના સાથિયા છે.

- અઢાર દિવસ સુધી આખું પાલિતાણા ધુમાડાબંધ જમ્યું હતું. એમ કહેવાય છે કે એ સમયે રોજના હિસાબે રસોડાનો ખર્ચ ચાલીસ હજારની આસપાસનો હતો. સં. 1893માં દાદાની પ્રાણપ્રતિષ્ઠા થઈ. શ્રી શત્રુંજય તીર્થ પરની હજારો પ્રતિમાજીઓમાં આ ટૂંકની દરેક પ્રતિમાજી શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ સર્વોત્તમ લેખાય છે.
- દાદાના દર્શન કરતી શેઠ મોતીશા અને તેમના ધર્મપત્નીની મૂર્તિ તથા તેમના માતુશ્રીની મૂર્તિ પણ દેરાસરમાં પધરાવેલ છે. મુખ્ય દેરાસર સાથે જે 16 દેરાસર છે તે દેરાસરો શેઠ મોતીશાના મિત્રો - સગાઓ - સ્નેહીઓએ બંધાવેલ છે.
- અમદાવાદના શેઠ હઠીસિંહ કેસરીસિંહ દ્વારા બંધાવેલ ધર્મનાથ પ્રભુનું દેરાસર
- શેઠ શ્રી અમીચંદ દમણી એ ધર્મનાથ પ્રભુનું દેરાસર. તેઓ શેઠના દીવાન કહેવાતા હતા. તે દેરાસરના ગભારામાં ભીંતે રત્નના બે સાથીયા લગાવેલા છે. અહીં ગોખલામાં રત્નના પ્રતિમાજી છે.
- શેઠ શ્રી પ્રતાપલાલ જોયતાએ ચૌમુખજીનું દેરાસર જેઓ શેઠના મામા થતા હતા.
- બીજું ચૌમુખજીનું દેરાસર ધોલેરાવાળા શેઠશ્રી વીરચંદભાઈએ બંધાવેલ છે.
- ઘોઘાના શેઠ શ્રી પારેખ ડીકાભાઈ ફૂલચંદે આદિનાથ પ્રભુનું જિનાલય

- ત્રીજું ચૌમુખજીનું દેરાસર માંગરોળવાળા નાનજી ચીનાઈએ બંધાવેલ છે.
- અમદાવાદવાળા ગલાલભાઈએ આદિનાથ પ્રભુનું જિનાલય
- પાટણવાળા શેઠ શ્રી પ્રેમચંદભાઈ રતનજીભાઈએ પદમપ્રભસ્વામીનું જિનાલય બંધાવેલ છે.
- સુરતવાળા શેઠ શ્રી તારાચંદભાઈ નથ્થુભાઈએ પાર્શ્વનાથ સ્વામીનું જિનાલય બંધાવેલ છે.
- મુંબઈવાળા જેઠાલાલ નવલ શાહે શ્રી સાહુરસ્કૂરનું જિનાલય બંધાવેલ છે.
- શેઠ શ્રી કરમચંદ પ્રેમચંદે શ્રી શાંતિનાથ સ્વામીનું જિનાલય બંધાવેલ છે.
- ખંભાતવાળા શેઠ શ્રી પારેખ સ્વરૂપચંદ હેમચંદે સુપાર્શ્વનાથ સ્વામીનું જિનાલય બંધાવેલ છે.
- પાટણવાળા શેઠ શ્રી જેચંદભાઈ પારેખે મહાવીરસ્વામીનું જિનાલય બંધાવેલ છે.



Inside Sheth Motisha's toonk
Main temple of Shri Adishwar Dada




## ૯) મોતીશાશેઠની ટૂંકઃ-

“લાવે લાવે મોતીશા શેઠ, ન્હવણ જળ લાવે રે”

★ નલિનીગુલ્મ વિમાન ના આકારે જિનાલયો અત્રે બિરાજમાન છે.

★ પુંડરિકસ્વામી ના રંગ-મંડપમાં પોતાના પ્યારાપુત્ર ઋષભને ખોળામાં લઈને રમાડતી મૈયા મરૂદેવાની મનોહર આકૃતિ કયારે ય જોઈ છે ખરી?




#ChaloNavtunkJaiye






Enchanting view inside Shri Adishwar Dada temple












/A Journey to Derasar's of Vadodara

/jainism_


MANEUVERING SPEED
WARNING







Shatrunjay Palitana



૧૧૫ દેવમંદિરોની નગરી : તીર્થાધિરાજ શ્રીશત્રુંજય (શે. આ. ક. ના સૌજન્યથી)
115 The City of Devmandir's—Tirthadhiraj Shree Shatrunjay (By Sheth A.K.)

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



૧૧૬ A જ્યાં દેવાધિદેવ શ્રીઆદીશ્વરના બેસણાં છે, તે ગરવો ગિરિવર શ્રીશત્રુંજય (શે. આ. ક. ના સૌજન્યથી)
116-A The Holy Giriraj Shree Shatrunjay where
Shree Devadhidev Adishwar. (By. Sheth A. K.)



૧૧૬ B દેવમંદિરોથી શોભાયમાન તીર્થાધિરાજ શ્રીશત્રુંજય (શે. આ. ક. ના સૌજન્યથી)
116-B Tirthadhiraj Shree Shantrunjay with Beautiful Devmandirs (Sheth A. K.)

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# Special Thanks

## A) For Pictures:-

1)




2) BLOG: - I) Shatrunjay Palitana

II) Satrunjay Mahatirth

## B) For Details:-

1) Shatrunjay Satkar By Aa. Shri Udayvallabh Vijayaji Maharaj saheb
2) Manifest Siddhachal By Muni Shri ramyadarshan Vijaya Ganivarya
3) Jay Shatrunjay By Muni Devratansagarji Maharaj saheb
4) Chalo Chalo Siddhagiri Jaiye Re By Aa. Shri MeghdarshanVijayaji Maharaj saheb